## જન્મદિને વધામણી



નારાયણ વી મોદી
પૂર્વ સચિવ, ગુજરાત રાજ્ય પંચાયત, ગ્રામ ગૃહ અને ગ્રામ વિકાસ વિભાગ
મો. ૯૪૨૯૩ ૮૯૫૧૯



કથન ત્રિવેદી
પ્રેસીડેન્ટ - લીઓ ક્લબ ઓફ ગાંધીનગર
મો. ૯૭૧૨૯ ૩૭૧૦૨



યુવરાજસિંહ વાઘેલા
મો. ૯૯૨૪૨ ૦૬૪૦૮



દૃષ્ટિ જતીનભાઈ દવે
મો. ૮૧૫૪૯ ૮૩૮૪૮



વિવૃત્તિ ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬



વિજયસિંહ પ્રવીણસિંહ ગોહિલ
મો. ૭૮૭૪૧ ૧૭૫૩૩



મિત્ત સંજયકુમાર શર્મા
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭



નભ્ય જૈવિક શાહ
મો. ૯૮૨૪૬ ૨૨૧૩૧

# જેઈઈ માટે આધાર કાર્ડ ફરજિયાત

## આધાર કાર્ડ હશે તેવા વિદ્યાર્થીઓ જ ઓનલાઈન ફોર્મ ભરી શકશે : આધાર કાર્ડ અને સ્કૂલ રેકર્ડની વિગતોમાં વિસંગતતા હશે તો પણ ફોર્મ નહીં ભરાય

ગાંધીનગર, તા. ૨૩

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસસી) બોર્ડ દ્વારા ૨ એપ્રિલ, ૨૦૧૭ના રોજ લેવામાં આવનારી જેઈઈ મેઈનની પરીક્ષાના ફોર્મ ભરવા માટે આધાર કાર્ડ ફરજિયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતના નાગરિક હોય તેવા વિદ્યાર્થીઓ પાસે આધાર કાર્ડ હશે તો જ તેઓ જેઈઈ મેઈનની પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આટલું જ નહીં, વિદ્યાર્થીની સ્કૂલની વિગત અને આધાર કાર્ડની વિગતો મેચ થતી ન હોય તો તે સંજોગોમાં પણ તે પરીક્ષા આપવાથી વંચિત રહી શકે છે. સીબીએસસી દ્વારા જેઈઈ મેઈનની પરીક્ષા ૨ એપ્રિલ, ૨૦૧૭ના રોજ લેવામાં આવશે. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે. ૧ ડિસેમ્બરથી ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થશે અને ૨ જાન્યુઆરી સુધી ચાલશે. જ્યારે વિદ્યાર્થીઓ ૩ જાન્યુઆરી સુધી ફી જમા કરાવી શકાશે. હવે જ્યારે ૧ ડિસેમ્બરથી વિદ્યાર્થીઓ જેઈઈ માટે ઓનલાઈન ફોર્મ ભરશે ત્યારે તેમને નવી સમસ્યાનો સામનો કરવો પડશે. સેન્ટ્રલ બોર્ડ દ્વારા જેઈઈ મેઈનની પરીક્ષા માટે આધાર કાર્ડ ફરજિયાત કરવાનો નિર્ણય લેવાયો છે. એટલે કે, વિદ્યાર્થી પાસે આધાર કાર્ડ હશે તો જ તે ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આ ઉપરાંત આધાર કાર્ડની વિગત અને સ્કૂલ રેકર્ડની વિગતમાં વિસંગતતા હશે તો પણ તે ફોર્મ ભરી શકશે નહીં. જેના પગલે હવે આવા વિદ્યાર્થીઓએ જેઈઈ મેઈનની પરીક્ષા આપવા માટે આધાર કાર્ડ નહીં હોય તો ફરજિયાત આધાર કાર્ડ બનાવવું પડશે.

સેન્ટ્રલ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને આધાર કાર્ડ અંગે જે સૂચના આપવામાં આવી છે, તેમાં જણાવ્યું છે કે, ભારતના નાગરિક હોય તેવા તમામ ઉમેદવારો પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે. જેઈઈ મેઈન-૨૦૧૭નાં ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓએ જેઈઈ મેઈનની વેબસાઈટ પર પોતાનો આધાર નંબર, નામ, જન્મ તારીખ, અને જાતિની વિગત ભરવાની રહેશે, જે આધારના ડેટા સાથે મેચ કરવામાં આવશે. જો આ ડેટા મેચ નહીં થાય તો વિદ્યાર્થી જેઈઈ મેઈનની પરીક્ષા માટે ફોર્મ ભરી શકશે નહીં. જેથી ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે, આધાર કાર્ડ પર પોતાનું નામ, જન્મ તારીખ અને જાતિની વિગતો સ્કૂલની વિગતો સાથે મેચ થતી હોય તેની ચકાસણી કરી લે. જો આ વિગતોમાં વિસંગતતા હોય તો આધાર કાર્ડ અથવા તો સ્કૂલની વિગત જેમાં સરળતા હોય તેમાં સુધારો કરાવી લેવો.

# એસ જી સ્કૂલ દ્વારા સફાઈ અભિયાન



એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળામાં બાળકોમાં શ્રમ પ્રત્યેની સૂગ દૂર થાય તે હેતુથી સ્વચ્છતા અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન થયું હતું. બુધવારના રોજ ધો-૫ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન થયું. જેમાં વિદ્યાર્થીઓએ ગાંધીનગરના અલગ-અલગ સ્થળોએ જઈને સફાઈ કરી હતી. ધોરણ-૫ના વિદ્યાર્થીઓ સેક્ટર-૨૩નું બસ પાર્કિંગ, ધોરણ-૬ના વિદ્યાર્થીઓએ સેક્ટર-૨૪નું શાક માર્કેટ, ધોરણ૭ ના વિદ્યાર્થીઓએ સેક્ટર-૨૮ની પસંદગી સફાઈ કાર્યક્રમ માટે કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકોએ પણ યોગદાન આપ્યું હતું.

ડાયરેક્ટ ❤ સે

લાલુને 'ચારે' સે પૈસા બનાયા
મોદીને પૈસે કો
ફિર 'ચારા' બના દિયા !!!

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફોર્સ-૨
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૨**
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ
(હિન્દી, ૩ડી)
૪.૦૦, ૯.૪૫
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ
(અંગ્રેજી, ૩ડી)
૧૦.૦૦, ૭.૦૦
**સ્ક્રીન-૫**
ફોર્સ-૨
૧૦.૦૦
તુમ બિન-૨
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

## અમદાવાદમાં આજે અનોખો વર્લ્ડ રેકર્ડ સ્થપાશે

# શિરોધારા ચિકિત્સાનો લાભ એકસાથે ૧૧૧૧ વ્યક્તિઓને

ગાંધીનગર, તા. ૨૩

ગુરુવારે સૌપ્રથમવાર આયુર્વેદિક ચિકિત્સાનો અનોખો વર્લ્ડ રેકોર્ડ થવા જઈ રહ્યાં છે, જેનું અમદાવાદ સાક્ષી બનશે. એસ.જી.વી.પી.ગુરુકુળ, છારોડી ખાતે 'પંચકર્મ ચિકિત્સા' અંતર્ગત આવતી 'શિરોધારા' ચિકિત્સાનો લાભ એક જ સમયે ૧,૧૧૧ વ્યક્તિઓએને અપાશે. ૪૮ મિનિટ સુધીની આ પ્રક્રિયા સ્વસ્થ વ્યક્તિની મેધા-સ્મૃતિ શક્તિમાં વધારો કરે છે તો સ્ટ્રેસ, અનિદ્રા જેવા રોગોનું નિવારણ પણ કરે છે.

આ અંગે વધુ વિગતો આપતાં વૈદ્ય ભવદીપ ગણાત્રાએ જણાવ્યું કે ચિકિત્સા ક્ષેત્રે અનેક વર્લ્ડ રેકોર્ડ થયા હશે, પરંતુ આયુર્વેદ ક્ષેત્રે આ અલગ પ્રકારનું આયોજન છે. એસ. જી. વી. પી. ગુરુકુળ, છારોડી અને આયુર્વેદની તમામ સંસ્થાઓનાં સહયોગથી તા. ૨૪ ડિસેમ્બર, સાંજે ૪.૦૦ વાગ્યે ૧,૧૧૧ વ્યક્તિઓ ઉપર 'શિરોધારા'નો પ્રયોગ કરવામાં આવશે. જેમાં આયુર્વેદ ક્ષેત્રે સંકળાયેલાં વૈદ્યો અને વિદ્યાર્થીઓ પણ જોડાશે. સાથે જ દરેક વયજૂથનાં લોકોને પણ સમાવવામાં આવશે.

તેમણે જણાવ્યું કે પંચકર્મ ચિકિત્સા પદ્ધતિ હેઠળ આવતી આ 'શિરોધારા' પદ્ધતિએ વિશ્વમાં એક આકર્ષણ જમાવ્યું છે તેને કારણે વિશ્વનાં લોકો આયુર્વેદમાં વધુ માનતા થયા છે.

આ ચિકિત્સાથી સ્વસ્થ વ્યક્તિની સ્મૃતિશક્તિમાં વધારો થાય છે. પાંચ મિનિટ પહેલાં ચશ્મા મૂકેલા શોધવા પડે અથવા વાહનની ચાવી વારેવારે શોધવી પડે જેવી તકલીફો સ્મૃતિભ્રંશની નિશાની છે. સાથે જ વૈશ્વિક રોગ એવા માનસિક તણાવમાં પણ આ ચિકિત્સા પદ્ધતિ ખૂબ જ રાહત અપાવી શકે છે. આ વિધિથી સ્ટ્રેસ તો દૂર થાય છે પણ સાથોસાથ સ્ટ્રેસથી વધતાં હાઈબ્લડપ્રેશર, ડાયાબિટિસ, સોરાઈસીસ જેવા ચામડીનાં દર્દો, ઉદ્વેગ-ચિંતા રોગો જેવા રોગો પણ દૂર થાય છે.

તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમનો હેતુ આયુર્વેદની વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠા વધે અને તેની સાથે જ ભારતની જે હજારો વર્ષ પ્રાચીન પરંપરા છે, તેનો જનસામાન્ય લાભ જાણી શકે તે માટેનો રહેલો છે. ખાસ કરીને શિરોધારા એક એવી ઉપચાર વિધિ છે કે જે સામાન્ય રીતે કોઈને ધ્યાન કરવું હોય તો તેને માટે વ્યક્તિએ મનને કેન્દ્રિત કરવાના પ્રયત્ન કરવા પડતાં હોય છે. શિરોધારા ઉપચાર વિધિથી આપોઆપ ધ્યાન કેન્દ્રિત થતું હોય છે.



સર્જન એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિનોદ એસ મેણાત દ્વારા સે ૩ ન્યુ અરવલ્લી વોલીબોલ ટીમને નવા વર્ષની શુભેચ્છા આપવામાં આવી હતી. કેપ્ટન રમેશભાઈ ખરાડી તેમજ વડીલ યુવા ખેલાડીઓને પ્રમુખ દ્વારા કીટ સપ્રેમ અર્પણ કરી ખેલાડીઓને પ્રોસાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સભ્ય પાયલબેન વિ મેણાત તથા મહેન્દ્રભાઈ ભરાડા હાજર રહ્યા હતા અને સર્વ ખેલાડીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.





ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત વિદ્યાસભા લલિતકલા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે, માતૃભાષા અભિયાન, કવિ યજ્ઞેશ વ્યાસ, સાહિત્યપ્રેમી મુકુંદ દવે, અંબરિષ શાહના સહયોગથી કવિ, નાટ્યકાર મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'ની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે તેમના જીવન-કવન પર આધારિત સતીષ વ્યાસ લિખિત કમલ જોષી અભિનિત-દિગ્દર્શિત ત્રિઅંકી નાટક 'જળને પડદે' એચ કે કૉલેજ હૉલ, અમદાવાદ ખાતે ભજવવામાં આવ્યું હતું. કુમારપાળ દેસાઈના પ્રાસંગિક પ્રવચન સાથે કવિ કાન્તની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીનો આરંભ થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કવિ, સાહિત્યકાર, કવિતાના ચાહકો-ભાવકો તથા શહેરના અગ્રગણ્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતીય નૌસેના દ્વારા જન સહકારથી રક્તદાન કૅમ્પ યોજાયો : ૬૦૦ યુનિટ રક્ત એકત્ર કરાયું



નૌસેના સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ભારતીય નૌસેના દ્વારા ઓશવાલ કેન્દ્ર, જામનગર ખાતે ગુરુ ગોબિંદસિંહ હૉસ્પિટલ, જામનગર અને ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદના સહયોગથી એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તટરક્ષક દળ, સશસ્ત્ર સીમા દળ અને જામનગરના સ્થાનિક રહેવાસીઓએ આ શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જે કારણે એક જ દિવસમાં ૬૦૦ યુનિટ જેટલું રક્ત એકત્ર કરી શકાયું હતું. ભારતીય નૌસેના વાલસુરાના મુખ્ય અધિકારી કમાન્ડર બી શિવકુમારે આ પ્રસંગે ઉપસ્થિત રહી રક્તદાન નિયમિત કરવા અંગેની બાબત પર ભાર મૂક્યો હતો અને આ મહા રક્તદાન શિબિર બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. સૌ રક્તદાતાઓને કેન્દ્ર તરફથી પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

## આજે મહાત્મા મંદિર ખાતે કૌશલ્ય વિકાસ અને રોજગારી અંગે આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં કૌશલ્ય નિર્માણ દ્વારા રોજગારીનું પ્રમાણ વધે તે અંગે સમૂહ ચિંતન થાય તેવા આશયથી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ૨૪ નવેમ્બર ને ગુરુવારના રોજ કૌશલ્ય વિકાસ અને રોજગારી અંગે આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ સેમિનારને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સવારે ૯.૩૦ કલાકે ખુલ્લો મૂકવામાં આવશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## મુવાડામાં યોગ સંમેલન રવિવારે કલ્યાણજીના

ગાંધીનગર, તા. ૨૩

અખિલ ગુજરાત કુદરતી ઉપચાર અને યોગ મહામંડળ દ્વારા કલ્યાણધામ, કલ્યાણજીના મુવાડા, રખિયાલ, તા. તહેગામ ખાતે તારીખ ૨૭ નવેમ્બર ને રવિવારે સવારે ૧૦થી સાંજના પાંચ દરમ્યાન પ્રાકૃતિક આરોગ્યશાસ્ત્ર અને યોગ સંમેલન તથા મહામંડળની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. પર્યાવરણ તથા કુદરતી ઉપચાર અને યોગમાં રસ ધરાવતા નાગરિકોને આ સંગોષ્ઠિમાં ભાગ લેવા સંસ્થા વતી મહામંત્રી જી એમ પ્રજાપતિએ આમંત્રણ પાઠવ્યું છે. આ નિમિત્તે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# કલા સરળ છે, તેને ગૂંચવવાની જરૂર નથી

અમદાવાદમાં એક સાહિત્યિક કાર્યક્રમમાં વકતા તરીકે આવેલા ગીતકાર, સ્ક્રિપ્ટ-સ્ક્રિનપ્લે-ડાયલોગ રાઈટર, ગાયક, નિર્દેશક, કવિ , રંગમંચ અને ફિલ્મનાં જાણીતા કલાકાર પિયુષ મિશ્રાએ પ્રેક્ષકોને પોતાની વાતોમાં તરબોળ કરી દીધા. લગભગ હંમેશા માથા ઉપર પી કેપ ધારણ કરી રાખતા આ કલાકાર પાસે દરેક વિષયનાં સંબંધમાં સંતોષકારક જવાબો હતા.

તેમના જ મિત્ર અનુરાગ કશ્યપ માટે બોલ્યા "બડા હી કમીના ડાયરેકટર હૈ કામ કરવાને સે પહેલે કેરકટર યા ફિલ્મ કે વિષય મેં કુછ નહીં બતાતા હૈ, ઉસકી તો સ્ક્રિપ્ટ ભી તૈયાર નહીં હોતી. બસ લોકેશન પર પહુંચને કે લિયે હી બોલ દેતા હૈ." તેની સાથે મારા ઘણા ડિસએગ્રીમેન્ટ છે પણ કામના સમયે બધી ભૂલી જવાય છે તે મારી પાસેથી સારુ કામ કરાવી શકે છે. તેની ફિલ્મમાં રોલ, ડાયલોગમાં ફેરફારની બધી છૂટ હોય છે. જયારે વિશાલ ભારદ્વાજ માટે કહે છે કે તે તો જોરદાર માણસ છે તે માણસની સ્ક્રિપ્ટમાં અમે એક શબ્દ પણ વધારી-ઘટાડી શકતા નથી. કલાકારોની અત્યંત વ્યસ્તતા વિષે ખીજ સાથે કહ્યું કે "છોડો યાર ! યહ સબ બકવાસ હોતા હૈ કી ફલાં કલાકાર બડા વ્યસ્ત હૈ. કયા ઉનકે બીવી બચ્ચે નહીં હોતે હૈ ? ઘર-પરિવાર કા કામ યા દુસરે સંબંધ નીભાને નહીં હોતે હૈ ક્યા.? યે સબલોગ કામ સે જયાદા પાર્ટીયોં મેં સમય ગુજારતે હૈ. ઔર યે પાર્ટીયાં અચ્છે અચ્છે લોગોં કો તબાહ કર દેતી હૈ".

લેખન વિષે કહ્યું તે માટેની પ્રથમ અને અંતિમ શરત છે "લખવું" ચિક્કાર લખવું પડશે અને ફાડવું પડશે. જો કે દર્દ વગર લખાતું નથી તે વાત તેમણે સ્વીકારી. લોકોના આગ્રહ પર પોતાના પુસ્તક "થોડા ઈશ્ક કિયા થોડા કામ કીયા"માંથી



તેમની લોકપ્રિય રચના "હુશ્ના" તથા "વો કામ ભલા ક્યા કામ હુઆ જીસમેં સાલા દિલ રો જાયે,વો ઈશ્ક ભલા ક્યા ઈશ્ક હુઆ જો આસાની સે હો જાય." પોતાના કંઠમાં સંભળાવીને પ્રેક્ષકોની જોરદાર વાહવાહી મેળવી. ભારત એક ખોજ સીરીયલ અને ફિલ્મ ગેંગ ઓફ વાસેપુર વચ્ચેની સફર વિષે પુછતાં કહ્યું કે ઘણું બદલાયું છે. એક સાહિત્યિક, સરળ ભાષા અને બીજી આજના માહોલની ભાષા હતી. જો કે બીજા પણ ઘણા જ બદલાવ આવ્યા છે. પરંતુ એક્ટીંગ માટે છેક સુધી જવાની તેમણે તૈયારી બતાવી.

અભિનયમાં મેથડ એકટીંગને એક પ્રકારનું તુત જણાવીને નસીરૂદીન શાહ, ઓમપુરી,પંકજ કપુર જેવા કલાકારોની આ મેથડ વિષે અણગમો દેખાડયો અને કહ્યું, અમિતાભ, બલરાજ સહાની, રાજકપુર,ગુરૂદત્ત જેવા કલાકારોએ કઈ મેથડ એકટીંગની બુક વાંચીને અભિનય શીખ્યા હતા ? આવા પુસ્તકોની બોલબાલા ૭૦ના દશક પછી વધી છે. કલા એ સૌથી સરળ બાબત છે તેને ગુંચવવાની જરૂર નથી.

પ્યોર અને સહજ રીતે બોલતો આ કલાકાર વિપશ્યના કરે છે. રોજ મેડિટેશન કરીને, વિવેકાનંદને અનુસરીને પોતાને તરોતાજા, જીવંત રાખે છે. જો તે વિપશ્યના ન કરે તો તે મરી જાય તેવું તે માને અને અનુભવે છે. પોતાના આવા અનુભવો અને માન્યતાને તેમણે બધા વચ્ચે શેર કરીને મનીસર્જીકલ સ્ટ્રાઈક થી ઘવાયેલાઓ સહિત સૌને ખુશખુશાલ જ નહીં, તરોતાજા પણ કરી દીધા હતા.

- મુકેશ પંડ્યા

## કટાર લેખક સુરેશભાઈ પ્રા. ભટ્ટને સાહિત્ય સભા તરફથી અભિનંદન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સમાચાર દૈનિકમાં છેલ્લાં વીસ વર્ષથી પ્રકાશિત થતી ગાંધીનગર સાહિત્ય સભાના વર્તમાન ઉપપ્રમુખ સુરેશ પ્રા ભટ્ટની બહુ વખણાયેલી કૉલમ 'સુપ્રભાતમ' ૨૧મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે, તે પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભા તરફથી લેખકનો અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ અંગે સભાના પ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે કે છેલ્લાં ૨૦ વર્ષથી અવિરતપણે સુરેશ ભટ્ટનાં લખાણ દ્વારા ગાંધીનગરત સમાચારના વાચકોને અત્યંત શિષ્ટ, સંસ્કારી, જીવન ઘડતરમાં ભાથારૂપ, પ્રેરક અને પ્રોત્સાહક સુંદર વાચન સામગ્રીનો અદ્ભૂત રસથાળ સુપ્રભાતમના માધ્યમથી પીરસાઈ રહ્યો છે. આ કૉલમ હવે ૨૧મા વર્ષમાં પ્રવેશી રહી છે ત્યારે ગાંધીનગરનો વાચકગણ અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો પણ તેમને ખોબલે-ખોબલે વધાવે છે અને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું મધુરું બાળપણ'**